ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે એક અનોખો પ્રયોગ અહીં કરવામાં આવે છે. આ વિભાગમાં વાચકોએ ગુજરાતીમાં રજુ કરેલા લેખો, વાર્તાઓ વગેરે તેના અંગ્રેજી ભાષાંતર સાથે રજૂ કરવામાં આવશે. યોગ્ય સર્જનકૃતિઓ મોકલવા ગુજરાતી ભાષા પ્રેમીઓને આમંત્રણ છે.

જેઓ ગુજરાતી નથી વાંચી શકતા તેમને પણ આથી ગુજરાતી સાહિત્યનો લહાવો મળે. આશા છે કે તેમને એ સંદેશો મળે કે જો તેઓ પોતે જ ગુજરાતી વાંચી શકે તો ગુજરાતીના વિપુલ અને રસપ્રદ સમૃદ્ધ સાહિત્યનો સીધો લાભ લઈ શકે. -માનદ્ તંત્રી, પ્રવીણ વાઘાણી

An innovative experiment is being done here to promote the Gujarati literature in English. Contributions from the readers will be printed in English translated from Gujarati. Readers, lovers of Gujarati, are invited to send creations with its English translation.

Those who cannot read Gujarati will thus be able to enjoy the Gujarati literature. It is hoped to send a message that if they will learn to read Gujarati then they can enjoy directly the interesting and unlimited, rich Gujarati literature.

–Hon. Editor, Pravin Vaghani

## રેકી 'વૈશ્વિક ચૈતન્યશક્તિ' નો ઈતિહાસ

**ડો. જશવંત વી. જીવરાજાણી, રાજકોટ**

આજકાલ 'રેકી' સારવાર પદ્ધતિ ખૂબ જોર પકડી રહી છે. રેકીના આ પ્રાચીન સારવાર પદ્ધતિનાં મૂળ તો હજારો વર્ષ પૂર્વે ભારતમાં જ નંખાયેલા છે પણ પાછળથી તે લુપ્ત થઈ ગઈ હતી. ઓગળસમી સદીના મધ્યમાં ડો. મિકાઓ ઉઝુઈ વડે તે પુનર્જીવિત થઈ. ડો. મિકાઓ જાપાનના ક્યોટો શહેરમાં આવેલા 'ક્રિશ્ચિયન સેમીનરી'ના આચાર્ય હતા. એક દિવસ તેમના કેટલાક વિદ્યાર્થીઓએ પૂછ્યું, 'ઈસુ ખ્રિસ્ત જે સારવાર પદ્ધતિનો ઉપયોગ કરતા તે વિશે અમને કંઈ જણાવશો ? શું તમે પણ એ સારવાર પદ્ધતિનો ઉપયોગ ન કરી શકો ?' ડો. મિકાઓ તેનો જવાબ આપવા સમર્થ ન હતા કેમકે તેઓ એ વિશે કશું જાણતા ન હતા. તેમણે પોતાનું સ્થાન છોડી આનો જવાબ મેળવવાનો નિર્ધાર કર્યો. તેઓ જુદા જુદા દેશોમાં ફરીને આનો જવાબ શોધવા લાગ્યા.

આ સંદર્ભમાં તેઓ અમેરિકા આવ્યા અને શિકાગો યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યાં તેમણે 'ડોક્ટર ઓફ થિયોલોજી'ની પદવી પ્રાપ્ત કરી. એમ છતાં એમને જે જોઈતું હતું  તે ત્યાં ન મળી શક્યું. ઘણાબધા ખ્રિસ્તી ધર્મગ્રંથો અને બૌદ્ધ ધર્મગ્રંથો ઉપરતળે કરી નાંખ્યા છતાં તેમની શોધ પર પૂર્ણવિરામ ન મૂકાયું. ફરતાં ફરતાં તેઓ ઉત્તર ભારતમાં આવી પહોંચ્યા ત્યારે તેમની લાંબી રઝળપાટને વિસામો મળ્યો. ત્યાં તેમણે ઘણા પ્રાચીનકાળના સંસ્કૃત ધર્મગ્રંથો અને હસ્તપ્રતોનો અભ્યાસ કર્યો. ડો. મિકાઓ જાપાનીઝ ઉપરાંત ચાઈનીઝ, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના સારા જાણકાર હતા. જરૂરી અભ્યાસ પછી તેઓ જાપાન પાછા ફર્યા. ત્યાં તેમણે પ્રાચ્ય બૌદ્ધ ધર્મી સૂત્રોમાં કેટલાક સંસ્કૃત સિદ્ધાંતસૂત્રો અને પ્રતીકો શોધી કાઢયા. તેઓ ક્યોટાના મઠમાં રહેતા હતા. તે દરમિયાન એકવાર કુરિયામાના પવિત્ર પર્વત પર સાધના કરવા પહોંચી ગયા. સંસ્કૃત સૂત્રોથી જે જાણવા મળ્યું હતું તે સાચું છે કે નહિ તેની ખાતરી કરવા અને તેમાં દર્શાવેલા ચેતનાના ભિન્ન સ્તર સાથે સંબંધ સ્થાપવા તેમણે ૨૧ દિવસ ઉપવાસ કરી જુદા જુદા ધ્યાન પ્રયોગો કર્યા. વીસ દિવસો પસાર થઈ ગયા ત્યાં સુધી તો કશું અસામાન્ય બન્યું નહિ, પણ એકવીસમે દિવસે એક અદ્ભુત ઘટના બની.

ડો. મિકાઓ ધ્યાનાવસ્થામાં બેઠા હતા. વહેલી સવારનો સમય હતો. સૂર્ય ઊગવાને હજુ ઘણી વાર હતી. ચારે બાજુ ગાઢ અંધકાર વ્યાપેલો હતો. એકાએક તેમણે ચમકતા પ્રકાશનો એક શેરડો તેમના તરફ વેગથી ધસી આવતો જોયો. ભૂરા, ગુલાબી, જાંબલી, રંગના લાખો કિરણો તેમની આસપાસ નાચવા લાગ્યા. પછી શ્વેત પ્રકારનો પટ્ટો દેખાવા લાગ્યો. તેમાં સંસ્કૃત સૂત્રોના પ્રતીકો સોનેરી રંગની આભાથી ચળકતા હોય તેમ દ્રશ્યમાન થવા લાગ્યા. તે પ્રકાશનો શેરડો તેમના કપાળ પર બન્ને ભ્રૂકુટિની વચ્ચે અથડાયો અને ત્યાં દાખલ થઈ આખા શરીરમાં વ્યાપી ગયો. ડો. મિકાઓનો વૈશ્વિક ઊર્જા સાથે સંબંધ થઈ ગયો. તેમના અસ્તિત્વમાં અપાર શક્તિ, પ્રેમ, કરુણા અને આનંદ વ્યાપી ગયા. એમની સાધના સફળ થઈ. વર્ષોથી તેઓ જે મેળવવા માંગતા હતા તે તેમને મળી ગયું. વૈશ્વિક ઊર્જા સાથે કેવી રીતે સંબંધ સાધી શકાય તેને પોતાના દેહના માધ્યમથી પ્રવાહિત કરી શકાય તેની પ્રવિધિ તેમને આવડી ગઈ.

સાધનાની સફળતાથી આનંદવિભોર થઈ તેઓ પર્વત પરથી ઉતાવળે નીચે ઊતરી રહ્યા હતા. પગનો પંજો અચાનક એક અણીદાર પથ્થર સાથે

## Reiki

From Wikipedia, the free encyclopedia

**Reiki** (English pronunciation: *Ray-kee*) is a form of spiritual healing and spiritual practice that is believed by its adherents to be of benefit for treating physical, emotional, mental and spiritual diseases. Mikao Usui (*usui mikao* ) developed Reiki in early 20th century Japan. Usui claimed to receive the ability of 'healing without energy depletion' after three weeks of fasting and meditating on Mount Kurama. Practitioners use a technique similar to the laying on of hands, in which they claim to be channels for energy ("Ki") guided by a universal spirit or spiritual nature ("Rei") — flowing through their palms to heal a person wherever they may need healing. A study in *Alternative Therapies* (Jan/Feb 2005 issue) said that in 2002 there were over one million U.S. adults who had experienced Reiki treatments. Reiki is controversial because there is no scientific evidence that it works by any means other than suggestion or the placebo effect.

### Derivation of name

The name Reiki comes from the Japanese pronunciation of two Chinese characters that are said to describe the energy itself: '*rei*' (meaning 'soul', 'spirit' or 'ghost') and '*ki* '(Chinese *qi*, meaning breath or 'life force energy' in this context). Common translations of the term *reiki* are "aura", "soul energy" and "spiritually guided energy." In English the Japanese noun *Reiki* is also used as a verb or adjective. Japanese speakers also use the term as a generic "ghostly power" while the *Usui Method of Reiki Healing* is specifically *usui reiki shiki ryoho*.

### Spiritual healing vs faith healing

Some Reiki practitioners have expressed a preference for the term "spiritual healing" over "faith healing" because they object to the implication that faith is required for Reiki to work.

### Theories and practices

Some schools teach that Reiki energy enters the practitioner through the 7th (*crown* or Shasrara) chakra, goes through the 4th chakra and then flows through her or his hands (secondary chakras) into the body of the recipient. It is also taught that Reiki energy enters through the 1st (*root* or Muladhara) chakra at the base of the spine, fills the aura, becomes centered in the 4th (*heart* or Anahata) chakra, and flows out through the practitioner's hands. Most schools teach that the Reiki energy is an "intelligent " energy, which "knows what to do," or "where it

અથડાયો. પગના અંગૂઠાના ટેરવાનો ભાગ ચિરાઈ ગયો અને પુષ્કળ લોહી વહેવા લાગ્યું. ડો. મિકાઓ થોડીવાર માટે અટકી ગયા. જમીન પર બેસી અંગુઠાનો ઘા કેટલો છે તે જોવા લાગ્યા. ત્યાંજ એક ચમત્કાર સર્જાઈ ગયો. જેવો તેમનો હાથ અંગૂઠાને સ્પર્શ્યો તે સાથે ધોધમાર વહી જતું લોહી એકદમ અટકી ગયું. ધીરે રહીને ઘા બિલકુલ રૂઝાઈ ગયો અને પીડાના લબકારા વાગી રહ્યા હતા તે બંધ થઈ ગયા. તેમને પોતાને આનાથી આશ્ચર્ય થયું. પર્વતની નીચે ઊતર્યા પછી થોડુ ચાલીને એક ધર્મશાળામાં આવ્યા. એમને એકાએક યાદ આવ્યું કે એમણે ૨૧ દિવસથી કશું ખાધું નહોતું. અત્યાર સુધી તો ભૂખ નહોતી લાગતી પણ હવે કકડીને ભૂખ લાગી. ધર્મશાળાના માલિકે સલાહ આપી કે આટલા બધા ઉપવાસ પછી આવું ભારે ભોજન લેવાથી પુષ્કળ તકલીફ થશે. પણ મિકાઓએ કહ્યું કે એમને કશું જ નહિ થાય. સાચે જ, કેટલાય દિવસો ચાલે તેટલો બધો ખોરાક એક સામટો પેટમાં પધરાવવા છતાં એમને કશી જ આડઅસર થઈ નહિ. બીજો ચમત્કાર થયો. ધર્મશાળાના માલિકની પુત્રીને દાંતનો સખત અને અસહ્ય દુઃખાવો થઈ રહ્યો હતો. થોડી થોડીવારે તે પીડાથી કણસી રહી હતી. મિકાઓ તેની પાસે ગયા અને તેના ફૂલીને દડા જેવા થઈ ગયેલા ગાલ પર થોડીવાર સુધી પોતાનો હાથ મૂકી રાખ્યો. પલકારામાં તેની પીડા શમી ગઈ. ધીરે ધીરે સોજો પણ ઊતરવા લાગ્યો. તે નાની બાળકી તેના દાદા પાસે દોડી ગઈ અને કહેવા લાગી, 'દાદા, આપણે ત્યાં આવેલા મહેમાન કોઈ મહાન સંત લાગે છે. તેમણે મારા ગાલ પર હાથ મૂક્યો અને મારો દુઃખાવો તત્ક્ષણ મટી ગયો.' તે દિવસનો એ ત્રીજો ચમત્કાર હતો.

તે દિવસથી 'રેકી' નામની નિસર્ગોપચાર પદ્ધતિનો જન્મ થયો.

રેકી દ્વારા મિકાઓ ઉઝુઈએ અનેક રોગીઓની સફળ સારવાર કરી. તેમણે તેમની વિદ્યાનું દાન તેમના અનુગામી ડો. ચિજિરો હાયાસીને આપ્યું. તે બીજા 'ગ્રાન્ડ માસ્ટર' બન્યા. તેમણે ૧૯૪૦ સુધી પ્રાઈવેટ રેકી ક્લિનીક પણ ચલાવ્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૦ મે ૧૯૪૧ના રોજ ડો. હયાસી માર્યા ગયા. તેમનું સ્થાન હવાયો ટાકાટા નામની મહિલાએ ગ્રહણ કર્યું. તે ત્રીજા રેકી 'ગ્રાન્ડ માસ્ટર' બન્યા. ૧૯૮૦ સુધી ટાકાટા જીવતા રહ્યા ત્યાં સુધીમાં તેમણે ૩૨ જેટલા ગ્રાન્ડ માસ્ટર અમેરિકા અને કેનેડામાં તૈયાર કર્યા અને દુનિયાના બીજા દેશોમાં પણ માન્ય ગ્રાન્ડ માસ્ટર તૈયાર કર્યા. 'ધ અમેરિકન ઈન્ટરનેશનલ રેકી એસોસિએશન, ઈન્કો.' અને 'ધ રેકી એલાયન્સ' નામની બે સંસ્થાઓ આનો પ્રસાર અને પ્રચાર કરે છે.

રેકી જાપાનીઝ ભાષાનો શબ્દ છે જે બે શબ્દોનો છે. 'રે' એટલે 'વૈશ્વિક' અને 'કી' એટલે 'ચૈતન્યશક્તિ'. રેકી અત્યારે જે અર્થમાં પ્રચાર અને લોકપ્રિયતા પામી છે તે એક વૈકલ્પિક નૈસર્ગિક ઉપચાર પદ્ધતિના રૂપે. એટલે કે કોઈપણ દવા કે ઔષધ વિના ફક્ત વૈશ્વિક ચૈતન્યશક્તિ દ્વારા જ રોગનો ઉપચાર કરવાની રીત.

રેકી એટલે વૈશ્વિક ચૈતન્યશક્તિ જે સર્વત્ર છે, સર્વમાં છે. જડ, ચેતન, સ્થળ, કાળ, સમયથી આ શક્તિ પર છે. પાશ્ચાત્ય વિજ્ઞાન પણ હવે પૂરવાર કરી ચૂક્યું છે કે જગત માત્ર કશું નથી પણ એક પ્રચંડ શક્તિ છે. એટલું જ નહિ પરંતુ વિશ્વમાં બધું જ એકમેક સાથે સંકળાયેલું છે. કારણ કે આ શક્તિ એક અને અનંત છે. તેને વિભાજિત ન કરી શકાય.

ચાલો શીખીએ રેકી

પ્રા.ભાવેશ જેતપરિયા, મહિલા કોલેજ, મોરબી, ગુજરાત

ચાલો શીખીએ રેકી, બીજું નાંખીએ છેકી,
ચાલો શીખીએ રેકી.
સાત ચક્રને સજ્જ કરવા લગની લાગે સૂરી,
હસ્તકમળમાં સળવળ, સળવળ, અનુભવે ભરપૂરી !
મન પવનને બદલી નાંખે, બનાવી જાય નેકી. . .ચાલો
અંગે અંગમાં ચટકો લાગે નવ નાડીમાં નૂર,
ઝાલર વાગે, નોબત વાગે ત્રિકુટી ખળભટ પૂર.
અંદર મલકે, આનંદ છલકે, દશે દિશામાં મ્હેંકી. . .ચાલો
બ્રહ્માંડનો સંદેશો લઈને, ઘેર ઘેર પહોંચતો કરીએ,
તનમન કેરાં દર્દ મટાડી એ ય મોજથી તરીએ.
જ્યાં જવું હોય ત્યાં જઈ વસો, ઝળહળ જ્યોતિ મ્હેંકી
ચાલો શીખીએ રેકી

is needed the most." Thus, Reiki adherents say, if the recipient needs it and is ready to heal, the Reiki energy will go where it needs to for healing. They also maintain that, if the intended recipient does not accept the energy on some level, the energy will not be absorbed. Some schools teach that Reiki "spirit guides" keep watch over Reiki energy and assist the practitioner. <u>It is said by them that any intention to do harm will block the flow of Reiki energy.</u>

In a Reiki session, the practitioner asks the recipient to lie down and relax. The practitioner then is said to act as a channel for Reiki energy, theoretically allowing "Reiki energy" to be channelled through the practitioner to wherever the patient is thought to require it. Usually the practitioner moves their hands close to or on various parts of the recipient's body. Some patients report feeling various sensations: heat, tingling, cold, pressure, etc. Practitioners of Reiki attribute these sensations to Reiki energy filling energetic deficiencies in the body and aura of the recipient, repairing and opening their energy channels (meridians or nadis), pulling out "negativity," and dissolving the blockages of "stale" energy.

Some claim that practitioners can also channel Reiki energy through other parts of their bodies (for example, their eyes or their breathing) if they wish. According to practitioners, intention is the primary method for directing the flow of the energy. Reiki healers say that their energy can be used for healing either in physical proximity or from a distance. Furthermore, many Reiki healers claim that the ability to share *Reiki* comes only after a "Reiki Master" performs an initiation or attunement.

Positive effects of Reiki treatment have been documented in papers published in some peer-reviewed alternative medical journals. The benefits center around biological indications of relaxation and increased immunity, reduced heart rate, improved blood pressure, and reduced pain, anxiety and depression. Other reports have focused on successful treatment of cancerous cells in mice.

**History**

A Japanese Tendai Buddhist named Mikao Usui claimed to have discovered Reiki after long meditation, fasting, and prayer. Usui wrote that by mystical revelation he had gained the knowledge and spiritual power to apply and attune others to what he called Reiki. Mikao Usui said that he had the ability to enable people to enhance their access to the energy through certain initiations. Usui taught that his attunements to Reiki enhanced and refined a person's pre-existing ability to connect with Reiki. Through such initiations, students are said to become clearer channels for Reiki, and thereby improve the quality of treatments that student (or practitioner) provides.

Some schools of Reiki are said to believe that Mikao Usui was pursuing knowledge of healing before he developed his Reiki method and that he also studied traditional Chinese medicine, Ayurveda, Qigong, and Yoga. Usui, however, claimed that the awakening of Reiki and the development of his techniques was something entirely different. Nonetheless, Reiki appears to be based loosely around ideas of *qi*.

Usui was also an admirer of the literary works of Emperor Meiji, and, in the process of developing his Reiki system, summarised some of the Meiji Emperor's works into a set of ethical principles, one translation of which is:

"The secret method of inviting blessings
The spiritual medicine of many illnesses

Just for today, do not anger.
Just for today, do not worry.
Do your work with appreciation.
Be kind to all.
In the morning and at night hold your hands in prayer, meditate on and say these words.
The Usui Reiki method to change your mind and body for the better.

Mikao Usui trained several disciples. One of his disciples, the naval doctor Chujiro Hayashi, stressed physical healing and taught a more codified and simpler set of Reiki techniques. Among Hayashi's contributions was a set of fixed hand positions to be used in the course of a treatment; Usui often preferred a more mystical means of diagnosing the patient's problem.

Hayashi initiated and trained Mrs. Hawayo Takata, who brought Reiki to the USA. Mrs. Takata claimed that she had been appointed Grandmaster of Reiki through the lineage of Mr. Chujiro Hayashi, and that there were no surviving teachers of Reiki to be found in Japan after World War II. Researchers have falsified her claim of Grandmastership and her allegation that no Reiki teachers remained in Japan, after they discovered lineages through practitioners other than Hayashi. They also stated that the title of "Grandmaster" does not exist, and is not recognized in Japan.

Hawayo Takata claimed that, after developing the Reiki methodology, as well as receiving the spiritual ability to practice it, Usui went to the slums of Tokyo to attempt the healing of beggars. However, after several years of very little success, he claimed that it was their mindset that kept them ill, even after he had "treated" them again and again. Usui then decided that there should be an "energy exchange" in return for a Reiki treatment. This "energy exchange" may take the form of cash payment, or a trade of some sort. The idea is that the patient is expected to regard the treatment as having a value up front and is prepared to invest himself/herself in the healing process.

There are essentially two broad groups, or schools: the *traditional school* and the *independent school*. The traditionalists claim to teach and practice Reiki strictly as it was taught from Usui's time until Takata's time, although modern research suggests that training under Usui differed greatly from the way Takata taught. Another, separate branch of traditionalists advocate adherence to the (*now rediscovered*) Japanese school's methods. The independent schools vary greatly in their practices and methods, ranging from those descended through Iris Ishikuro, which fundamentally adhere to traditional Reiki practice but eschew Takata's practice of charging $10,000 for attunement to Reiki "Master level," to so-called "newer" schools, which either add elements to traditional Reiki or claim to have been independently developed.

Reiki is comparatively rare in Japan, being more popular elsewhere. Reiki has been gaining some popularity worldwide within hospitals. The UK NHS (National Health Service) as part of its CAM (Complementary Alternative Medicine) program uses Reiki and other CAM therapies as part of day care patient programs.

## "Vande Maataram"

Mother, I bow to thee!
Rich with thy hurrying streams,
bright with orchard gleams,
Cool with thy winds of delight,
Green fields waving Mother of might,
Mother free.

Glory of moonlight dreams,
Over thy branches and lordly streams,
Clad in thy blossoming trees,
Mother, giver of ease
Laughing low and sweet!
Mother I kiss thy feet,
Speaker sweet and low!
Mother, to thee I bow.

Who hath said thou art weak in thy lands
When swords flash out in seventy million hands
And seventy million voices roar
Thy dreadful name from shore to shore?
With many strengths who art mighty and stored,
To thee I call Mother and Lord!
Thou who saves, arise and save!
To her I cry who ever her foe drove
Back from plain and sea
And shook herself free.

Thou art wisdom, thou art law,
Thou art heart, our soul, our breath
Though art love divine, the awe
In our hearts that conquers death.
Thine the strength that nerves the arm,
Thine the beauty, thine the charm.
Every image made divine
In our temples is but thine.

Thou art Durga, Lady and Queen,
With her hands that strike and her
swords of sheen,
Thou art Lakshmi lotus-throned,
And the Muse a hundred-toned,
Pure and perfect without peer,
Mother lend thine ear,
Rich with thy hurrying streams,
Bright with thy orchard gleems,
Dark of hue O candid-fair

In thy soul, with jewelled hair
And thy glorious smile divine,
Loveliest of all earthly lands,
Showering wealth from well-stored hands!
Mother, mother mine!
Mother sweet, I bow to thee,
Mother great and free!

Mother sweet, I bow to thee
Mother sweet, I bow to thee
Mother sweet, I bow to thee

--Bankimchandra Chattopadhyay
English translation by Shri Aurobindo

## વંદે માતરમ્ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શશ્યશ્યામલામ્ માતરમ્. . .વંદે માતરમ્

શુભ્રજ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લકુસુમિત દ્રુમદલશોભિનીમ્
સુહાસિનીમ્, સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્. . .વંદે માતરમ્

કોટિ કંઠ કલકલ નિનાદ કરાલે
કોટિ ભુજૈર્ધૃત ખરકરવાલે
અબલા કેન મા એત બલે ?
બહુબલધારિણીમ્ નમામી તારિણીમ્
રિપુદલ વારિણીમ્ માતરમ્. . .વંદે માતરમ્

તુમિ વિદ્યા તુમિ ધર્મ
તુમિ હૃદિ તુમિ મર્મ
ત્વં હિ પ્રાણાઃ શરીરે
બાહુતે તુમિ મા શક્તિ
હૃદયે તુમિ મા ભક્તિ
તોમારઈ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે. . .વંદે માતરમ્

ત્વં હિ દુર્ગા દશપ્રહરણ ધારિણી
કમલા કમલદલ વિહારિણી
વાણી વિદ્યાદાયિની, નમામી ત્વામ્
નમામી કમલામ્ અમલામ્ અતુલામ્
સુજલામ્ સુફલામ્ માતરમ્. . .વંદે માતરમ્

## વંદે માતરમ્ - ગુજરાતી ભાવાનુવાદ

(ભારત)માતાને હું વંદુ છું.
સુજલા એટલે કે નદી સરોવરોથી વિપુલ જળવાળી,
સુફલા એટલે કે ભરપૂર ફળોવાળી, મલય પવનથી શીતળ,
ધાનની હરિયાળી, એવી માતાને વંદુ છું.
શ્વેત ચાંદનીની પુલકિત રાત્રિઓવાળી,
ખીલેલાં પુષ્પો, પર્ણોથી શોભતી,
સુંદર હાસ્ય વેરતી, મધુર વચનો બોલતી, સુખ આપનારી,
વરદાન આપનારી માતાને હું વંદુ છું.
કોટિ-કરોડ કંઠમાંથી નીકળતા ઘોષથી કરાલ રૂપાને,
કરોડ હાથો વડે ખડગ્ ધારણ કરનારી
માતાને બધા અબલા કેમ કહે છે ?
મહાસમર્થ અને ઉદ્ધાર કરનારી ,
દુશ્મનોના સૈન્યને હરાવનારી માતાને હું વંદન કરું છું.
હે (ભારત) માતા, તું જ વિદ્યા છે,
તું જ ધર્મ છે, તું જ હૃદય છે, તું જ મર્મ છે, તું જ દેહમાં પ્રાણ છે.
હાથો વડે કરીને તું શક્તિ છે, હૃદયે કરીને તું ભક્તિ છે.
તારી જ પ્રતિમા હું મંદિરે મંદિરે સ્થાપિત કરું છું.
તું જ દશશસ્ત્ર ધારણ કરનારી દુર્ગા છે.
તું જ કમલાસના લક્ષ્મી છે, તું જ વિદ્યાદાતા સરસ્વતી છે,
તને હું નમું છું.
કમલા રૂપ એવી સરલા, સુસ્મિતા, ભૂષિતા,
ધરણીરૂપ, પોષણ કરનારી માતા. . .તને હું નમું છું.

## વંદે માતરમ્ - આ ગાન નથી નરેન્દ્ર મોદી

આ શાન, બાન ને આન આપણી,
આઝાદીના મહાયજ્ઞની આહુતિ આ,
રાષ્ટ્રભક્તિની આહ્લેક આ,
ગણતંત્રના ઉરતંત્રનો મહામંત્ર આ,
વિકાસની આ સતત ધબકતી
અણનમ ઓળખ રહે આપણી. . .
વંદે માતરમ્ - એ
શબ્દ નહિ, આ મંત્ર આપણો,
આઝાદીની ઉર્જાનો ધબકાર આપણો,
વિકાસનો આ રાજમાર્ગ છે,
સંકલ્પિત આ રાષ્ટ્રજીવનનો મહામાર્ગ છે,
પ્રજા જીવનની પ્રત્યેક પ્રભાતની
પ્રબુદ્ધ ચેતનાનો સ્વર આ છે,
વંદે માતરમ્

## સંતોકબા

એકસો બે વર્ષની ઉંમરે પહોંચેલા જુનાગઢ જિલ્લાના તલાલા તાલુકાના આકોલવાડી ગામના સંતોકબા આજીવન અભણ રહ્યા છે. પણ અક્ષરતા એ માનવની દેન છે જ્યારે કળા એ ઈશ્વરની દેન છે. ઈશ્વરે એમના હાથમાં કળાનો વૈભવ ભર્યો છે. કંકુ, હળદર, ઉપરાંત છાણ અને વનસ્પતિમાંથી અનેક રંગો તૈયાર કરીને તેનાથી તેઓ રામાયણના પ્રસંગોના ચીત્રો ગામડાની ઝુંપડીની દિવાલો પર ચીતરતા હતા. એમના દીકરાએ ઉત્સાહથી એમને આ ચિત્રો કેનવાસ પર ચીતરવાની ઉત્તેજના આપી. આ ચિત્રોના પ્રદર્શનો જૂનાગઢથી જર્મની સુધી અનેક પ્રસિદ્ધ આર્ટગેલેરીમાં યોજ્યા છે, અને એ રીતે તેમની કળા સાથે ભારતીય સંસ્કૃતિનો ડંકો દેશપરદેશમાં વગાડ્યો છે. અત્યાર સુધીમાં તેમના ૨૪ પ્રદર્શનો યોજાયા છે જેમાનાં ૧૨ મુંબઈની પ્રખ્યાત જહાંગીર આર્ટ ગેલેરીમાં યોજાયા હતા. જિંદગી આખી ગામના ઘરોની દિવાલો અને આંગણા લીપીને મજૂરી કરીને આખા ઘરની જવાબદારીનો ભાર ઉપાડતાં તેઓ એકસો બે વર્ષની ઉંમરે પહોંચ્યા છે. તેમના જન્મદિને તેમની જ્ઞાતિના દૂધાત સમાજે તલાલાના બાપુનગર હોલમાં બે હજારની મેદની વચ્ચે તેમનું જાહેર સન્માન કર્યું. તે સમયે ભગવાનનો આભાર માનતા હોય તેમ બે ઘડી આકાશ સામે મીટ માંડી, આંખોમાં ઝળઝળીયા સાથે સંતોકબા એટલું જ બોલ્યા, 'મારા સમાજે જાતિ જિંદગીએ મારા કામની કદર કરી એને મારું અહોભાગ્ય સમજું છું. મારે માટે તો આ બધી ઈશ્વરની કળા જ છે.'

## સમયનો ઉપયોગ

આપણી ગણતરીમાં ત્રણ કાળનું અસ્તિત્વ છે - ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ. આમાં બે કાળ તો સહેલાઈથી સમજાય તેવા છે. ભૂતકાળ એટલે વીતી ગયેલો સમય અને તેની સાથે સંકળાયેલા પ્રસંગો, ઘટનાઓ., તેની ખાટીમીઠી યાદગીરીઓ. આ બધાં વહી ગયેલા સમય સાથે સંકળાયેલા છે. ભવિષ્યકાળ એટલે હવે પછી આવી રહેલો સમય, જેની સાથે માણસના આશા, આકાંક્ષાઓ, સ્વપ્નાઓ સંકળાયેલા હોય છે. હવે શું બનશે ? હું સફળ થઈશ કે નિષ્ફળ ? એ આવશે કે નહિ ? બઝાર વધશે કે ઘટશે ? આ સવાલોના જવાબ મેળવવા માણસ ઉત્સુક હોય છે અને તે જાણવા માટે તે ઘણીવાર જોશી, ભૂવા, જતિ, માનતા વગેરેનો આશરો લે છે. પણ તેને સાચો જવાબ ભાગ્યે જ મળે છે ! કારણ ભવિષ્ય જ્યારે વર્તમાન બને છે ત્યારે મનુષ્યનો ભાગ્યે જ તેના પર કાબુ હોય છે અને અણધાર્યું જ બને છે.

તો આ 'વર્તમાનકાળ' શું છે ? તેનું ખરેખર અસ્તિત્વ છે કે નહિ ? એક રીતે જુઓ તો જે પળ ભવિષ્યમાંથી આવે છે તે તરતજ ભૂતકાળમાં જાય છે. એટલે જો માણસે સફળ થવું જોય, સુખી થવું હોય તો આ પસાર થતી પળનો સદુપયોગ કરવો જોઈએ, તે ભૂતકાળ બને તે પહેલાં જ તેનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ. નદીમાં વહી જતું પાણી પાછુ નથી આવતું. જેટલું માણસ પીવામાં, ખેતીવાડીમાં, જીવનોપયોગી કાર્યમાં તેનો ઉપયોગ કરે છે તેટલું જ તેને ઉપયોગમાં આવે છે. બાકીનું સમુદ્રમાં વહી જાય છે.. તેવું જ સમયનું છે. તે ભૂતકાળ બને તે પહેલાં તેનો સદુપયોગ કરી લેવો જોઈએ.